અમૂલનુ 'સરલાબેન' AI સહાયક દ્વારા પશુ આરોગ્ય અને સરકારી યોજનાઓની સચોટ માહિતી : મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરાયું

અમૂલનું 'AI' મિશન : પશુપાલકો માટે આશીર્વાદ રૂપ

પશુઓની સારવારથી લઇ તેના રસીકરણની વિગતો હવે આંગળીના ટેરવે મળશે

(પ્રતિનિધિ) આણંદ તા.11

અમૂલે મહિલા દૂધ ઉત્પાદકોને ડેરી અને પશુપાલન વ્યવસાયમાં સતત સહાય મળી રહે તે માટે પ્રધાનમંત્રીના વિઝન હેઠળ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ વિકસાવ્યું છે. વિશ્વની સૌથી મજબૂત ડેરી બ્રાન્ડ ગણાતી અમૂલ, ગુજરાતના 18,500થી વધુ ગામડાઓમાં ફેલાયેલી 36 લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા છે. હવે આ દૂધ ઉત્પાદકોને પશુઓના સ્વાસ્થ્ય, રસીકરણ અને અન્ય તકનીકી સહાય પૂરી પાડવા માટે 'સરલાબેન' નામનું AI સહાયક કાર્યરત કરવામાં આવ્યું છે, જે પશુપાલકોની આવક વધારવામાં પાયાની ભૂમિકા ભજવશે. આ એઆઈનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

અમૂલનું આ એઆઈ સહાયક 'અમૂલ પશુધન એપ્લિકેશન' અને 'ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ' સાથે સંકલિત છે. તે પશુઓના આરોગ્ય, રસીકરણ અને સંવર્ધન અંગે ચોક્કસ માર્ગદર્શન પૂરું પાડશે. આ ઉપરાંત, પશુપાલકો માટે ચાલતી વિવિધ સરકારી યોજનાઓ અને સબસિડી વિશે પણ આ સહાયક માહિતી આપશે. જે પશુપાલકો પાસે સ્માર્ટફોન નથી, તેઓ લેન્ડલાઇન કે ફીચર ફોન પર કોલ કરીને પણ આ સેવાનો લાભ લઈ શકશે. હાલમાં આ સેવાની મુખ્ય ભાષા ગુજરાતી રાખવામાં આવી છે.

અમૂલ પાસે પહેલેથી જ અત્યંત મજબૂત IT સિસ્ટમ છે, જે આ એઆઈ પ્લેટફોર્મ માટે કરોડરજ્જુ સમાન છે. આ સિસ્ટમમાં દર વર્ષે થતા 200 કરોડથી વધુ દૂધ ખરીદીના વ્યવહારો, 3 કરોડ પશુઓની માહિતી અને 1200થી વધુ ડોક્ટરો દ્વારા કરવામાં આવતી સારવારનો ડેટા સંગ્રહિત છે. એટલું જ નહીં, ઘાસચારાના ઉત્પાદનની સચોટ માહિતી મેળવવા માટે અમૂલ ઇસરોના સેટેલાઇટ છબી ડેટાનો પણ ઉપયોગ કરે છે. આ વિશાળ ડેટાબેઝના આધારે એઆઈ પ્લેટફોર્મ પશુપાલકોને વ્યક્તિગત સલાહ આપવા સક્ષમ બનશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ અન્ન નાગરિક પૂરવઠા મંત્રી રમણભાઈ સોલંકી, રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ એમ કે દાસ અને ગુજરાત સ્ટેટ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના અધ્યક્ષ અને પદાધિકારીની હાજર રહ્યાં હતાં.

પશુપાલકોને કેવી રીતે થશે ફાયદો?

- પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન માટે ચોવીસ કલાક માર્ગદર્શન.
- 'અમૂલ ફાર્મર એપ' મોબાઇલ પર ઉપલબ્ધ, જે અત્યાર સુધી 10 લાખથી વધુ લોકોએ ડાઉનલોડ કરી છે.
- જે પશુપાલકો અમૂલ સાથે સીધા જોડાયેલા નથી, તેઓ પણ પશુપાલન સંબંધિત માહિતી મેળવી શકશે.
- દરેક પશુ દીઠ અલગથી આરોગ્ય અને રસીકરણનો રેકોર્ડ જાણી શકાશે.

અમૂલ એઆઈથી એડવાન્ટેજ ઇન્ડિયા માટે સજ્જ થયું : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઇન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઇન્ડિયા માટે સજ્જ થયું છે. વડાપ્રધાનના વિઝનથી અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે. આ ડીલમાં ડેરી પ્રોડક્ટ્સની ઇમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર 10 કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત રહેશે.

આચાર્યની ક્રૂરતા | છાપરા ગામની સરકારી શાળામાં શિસ્તના નામે અમાનવીય વર્તન

મહેમદાવાદની શાળામાં ધોરણ 9ના વિદ્યાર્થીને ક્લાસમાં પૂરી મારમાર્યો

મહેમદાવાદ પોલીસે આચાર્ય વિરુદ્ધ ફરિયાદ નોંધતા ચકચાર

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.11

મહેમદાવાદ તાલુકાના છાપરા ગામે આવેલી સરકારી માધ્યમિક શાળામાં આચાર્ય દ્વારા વિદ્યાર્થીને ઢોર માર મારવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શિસ્તના નામે ધોરણ 9ના એક વિદ્યાર્થીને ક્લાસરૂમમાં પૂરીને અમાનવીય રીતે માર મારનાર આચાર્ય સુરેશ પરમાર વિરુદ્ધ વિદ્યાર્થીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે, જેને પગલે શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

આ અંગે ભોગ બનનાર વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર, વર્ગખંડમાં શિક્ષક ગેરહાજર હોવાથી તે બહાર ગયો હતો. પરત ફરતી વખતે આચાર્ય તેને પકડીને ક્લાસરૂમમાં ખેંચી ગયા હતા. ત્યાં તેને ટેબલ પર બેસાડી, માથું પગ વચ્ચે દબાવી દઈને કોણી વડે આડેધડ ફટકાર્યો હતો. ઘરે પહોંચેલા ડરેલા પુત્રના શરીર પર ઈજાના નિશાન જોઈ પિતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા અને ત્યારબાદ ન્યાય માટે મહેમદાવાદ પોલીસના દ્વાર ખટખટાવ્યા હતા.

આશ્ચર્યજનક વાત એ છે કે, પોલીસ સ્ટેશનમાં આચાર્યએ અંગત કારણોસર ગુસ્સામાં હોવાનું કહી પગે પડવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ મીડિયા સમક્ષ તેમણે તમામ આક્ષેપો નકારી દીધા છે. આચાર્યએ દાવો કર્યો છે કે તેમણે આવી કોઈ હરકત કરી નથી અને આ ઘટના માત્ર તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે ઊભી કરવામાં આવી છે. હાલમાં મહેમદાવાદ પોલીસે આ સમગ્ર મામલે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

ખંભાતના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.11

ખંભાત શહેરના હરિદર્શન બંગ્લોઝમાં ત્રાટકેલા તસ્કરોએ બંધ મકાનમાં ચોરી કરી હતી.

ખંભાત શહેરના ધર્મજ રોડ પર આવેલી હરિદર્શન બંગ્લોઝ સોસાયટીમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી લાખોની મત્તાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. મકાન માલિક પ્રેમજીભાઈ પ્રજાપતિનો પરિવાર ડીસા ખાતે લગ્ન પ્રસંગમાં ગયો હતો, જે તકનો લાભ લઈ તસ્કરોએ મકાનની લોખંડની જાળી અને મુખ્ય દરવાજાના તાળાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરની તિજોરી તોડી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને અંદર રાખેલા કિંમતી દાગીના તથા રોકડની ચોરી કરી હતી. ચોરી કર્યા બાદ તસ્કરો બહારથી ફરી તાળાં લટકાવીને ફરાર થઈ ગયા હતા. આ બનાવના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી હતી.

કરમસદ-આણંદ મનપાની વિદ્યાનગર રોડ પર કડક કાર્યવાહી

આણંદ શહેરમાં બાકી વેરો ન ભરતા 3 દુકાન સીલ કરાઈ

ટેક્સ વિભાગે કુલ રૂ. 2.32 લાખથી વધુનો બાકી વેરો વસૂલ્યો; ડિફોલ્ટરો સામે ઝુંબેશ યથાવત રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.11

કરમસદ-આણંદ મનપાના કમિશનરના માર્ગદર્શન હેઠળ ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા વેરા વસૂલાત માટે આક્રમક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત આણંદ-વિદ્યાનગર રોડ પર આવેલ 'નારાયણ એમ્પાયર'ની 3 દુકાનોને લાંબા સમયથી બાકી વેરો ન ભરવા બદલ સીલ કરી દેવામાં આવી છે.

રિકવરી ટીમે આપેલી વિગતો મુજબ, સીલ કરવામાં આવેલી આ ત્રણ દુકાનોનો કુલ રૂ. 35,393નો વેરો બાકી હતો. સીલિંગની કાર્યવાહીની સાથે સાથે ટીમે અન્ય મિલકત ધારકો પાસેથી પણ રૂ. 2,32,594 જેટલો બાકી વેરો સ્થળ પર જ વસૂલ કર્યો છે. ટેક્સ વિભાગે તમામ મિલકત ધારકોને તાકીદ કરી છે કે જો વહેલી તકે બાકી વેરો ભરપાઈ કરવામાં નહીં આવે, તો નિયમાનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

સંતરામપુરમાં દુષ્કર્મના કેસમાં 20 વર્ષની કેદ

ભોગ બનનારને રૂ. 2 લાખનું વળતર ચૂકવવા આદેશ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.11

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના લીમડી ગામમાં વર્ષ 2024માં બનેલી સગીરાના અપહરણ અને દુષ્કર્મની ઘટનામાં અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે. લુણાવાડાની એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે.

સંતરામપુરના લીમડી ગામના આરોપી સુરેશભાઈ ઉર્ફે દિલીપભાઈ જેસીંગભાઈ બામણીયાએ 14 વર્ષ અને 8 માસની સગીરાને લલચાવી-ફોસલાવી અપહરણ કરી તેની પર યોન શોષણ આચર્યું હતું. આ ગંભીર ગુના અંગે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ઈપીકો અને પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ ચેતનાબેન જોષીએ રજૂ કરેલા પુરાવા અને ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સ્પે. પોક્સો જજ એમ. એમ. પરમારે આરોપીને તકસીરવાન ઠરાવ્યો હતો. કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

આ કેસમાં અદાલતે ભોગ બનનાર કિશોરીના પુનર્વસન માટે સંવેદનશીલ અભિગમ દાખવતા, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગરને પીડિતાને રૂપિયા બે લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. આ ચુકાદાથી અત્યાચારો સામે કડક કાયદાકીય સંદેશો પહોંચ્યો છે.

વીડિયો વાયરલ | બે ડી.જે. વચ્ચેની હરીફાઈમાં ભાન ભૂલેલા તત્વોએ મર્યાદાઓ નેવે મૂકી

નડિયાદના ટુંડેલમાં ડીજેના ઘોંઘાટ વચ્ચે યુવકનું નિર્લજ્જ પ્રદર્શન

જાહેર માર્ગ પર બિભત્સ ચેનચાળા કરતા ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

નડિયાદ તાલુકાના ટુંડેલ ગામે આવેલા વખતપુરા વિસ્તારમાં લગ્ન પ્રસંગના ડી.જે. કાર્યક્રમ દરમિયાન નૈતિકતા અને સભ્યતાના લીરેલીરા ઉડાવતી એક શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે. અહીં યોજાયેલા એક લગ્ન સમારંભમાં બે ડી.જે. વચ્ચે જામી રહેલી હરીફાઈમાં ઉશ્કેરાયેલા એક યુવકે ચાલુ ડી.જે. સિસ્ટમ ઉપર ચઢી જઈને જાહેરમાં પોતાનું પેન્ટ ખોલી નાખી બિભત્સ ચેનચાળા કર્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર ખેડા જિલ્લામાં ફિટકારની લાગણી વરસી રહી છે.

ટુંડેલ ગામના વખતપુરામાં લગ્ન પ્રસંગે મધરાત સુધી જોરશોરથી ડી.જે. વગાડવામાં આવી રહ્યા હતા. સામસામે ડી.જે. વાગતા હોવાથી યુવાનો બેફામ બન્યા હતા અને નાચવા-કૂદવા દરમિયાન ભાન ભૂલીને અશ્લીલતા પર ઉતરી આવ્યા હતા. કેન્દ્ર સરકારના વર્ષ 2000 ના ધ્વનિ પ્રદૂષણ નિયમો મુજબ રાત્રે 10:00 થી સવારે 06:00 વાગ્યા સુધી ડી.જે. વગાડવા પર સંપૂર્ણ મનાઈ હોવા છતાં, અહીં તેનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે જો રાત્રિના સમયે પોલીસનું પેટ્રોલિંગ સઘન હોત તો આવી સ્થિતિ સર્જાત નહીં. વહીવટી તંત્રની પૂર્વ મંજૂરી વગર અને નિયત ડેસિબલ મર્યાદા કરતા વધુ અવાજમાં ડી.જે. વગાડી લોકોની શાંતિમાં ખલેલ પહોંચાડવામાં આવી હતી. હાલમાં જાગૃત નાગરિકો દ્વારા આવા વિકૃત માનસ ધરાવતા શખ્સને શોધી કાઢી તેની સામે કાયદેસરના કડક પગલાં ભરવાની ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

નડિયાદ શહેર અને ગ્રામ્ય પંથકોમાં સંચાલકો કોઈ પણ મંજૂરી વગર સ્પર્ધાઓ યોજી રહ્યા છે. સ્વાસ્થ્યને નુકશાન થાય તેવા અત્યંત તીવ્ર અવાજ સામે વહીવટી તંત્ર મૌન સેવીને બેઠું હોવાથી સંચાલકો જાહેર માર્ગો પર આતંક મચાવી રહ્યા છે.

બોરસદમાં કારની ટક્કરે બાઈક ચાલકનું મોત

પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) બોરસદ તા.11

બોરસદ તાલુકાના સંતોકપુરા ગામ પાસે ખોડીયાર માતાના મંદિર નજીક સોમવારે સાંજે કરૂણ અકસ્માત સર્જાયો હતો. જેમાં પુરઝડપે આવી રહેલી એક કારે બાઈક સવારને જોરદાર ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું છે.

મળતી વિગતો અનુસાર, પેટલાદ તાલુકાના પાળજ ગામે નંદનવન પાર્કમાં રહેતા મહેન્દ્રભાઈ મનુભાઈ વાઘેલા સોમવારે સાંજે આશરે સાડા છ વાગ્યાના સુમારે પોતાનું બાઈક લઈને બોરસદથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન સંતોકપુરા નજીક ખોડીયાર માતાના મંદિર પાસે પેટલાદ તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટાટા ટીયાગો કારના ચાલકે મહેન્દ્રભાઈના બાઈકને અડફેટે લીધું હતું. આ અકસ્માત એટલો સર્જાયો હતો કે મહેન્દ્રભાઈ રોડ પર પટકાતા તેમને માથાના પાછળના ભાગે, કમર તેમજ હાથ-પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પરિણામે તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર ભાવેશભાઈ મહેન્દ્રભાઈ વાઘેલાએ બોરસદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે કાર ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,તારાપુરથી વાસદનો માર્ગ સિક્સલેન થયા બાદ અકસ્માતોનું પ્રમાણ વધ્યુ છે. આ અંગે સ્થાનિક પોલીસ ઉપરાંત આરટીઓ દ્વારા કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

પીપળીમાં 2.75 કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન શાળા સમર્પિત

માતા અને માસીએ જે શાળામાં અભ્યાસ કર્યો તે શાળાનું દાતા ડો. પ્રવીણભાઈ પટેલ દ્વારા નવ નિર્માણ કરાયું

(પ્રતિનિધિ) બોરસદ તા 11

શિક્ષણ અને સંસ્કારના સંગમનું પ્રેરણાદાયક દૃશ્ય આણંદ જિલ્લામાં જોવા મળ્યું છે. મૂળ તારાપુરના વતની અને હાલ અમેરિકામાં સ્થિત અગ્રણી ઉદ્યોગપતિ ડૉ. પ્રવીણ એચ. પટેલે બોરસદ તાલુકાના પીપળી ગામે અંદાજે રૂ. 2.75 કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓથી સજ્જ સરકારી પ્રાથમિક શાળાનું નવું ભવન નિર્માણ કરી માતૃભક્તિ અને સમાજસેવાનો અનોખો દાખલો પૂરું પાડ્યો છે. ડૉ. પ્રવીણ પટેલ, જે અમેરિકામાં 'તારા ગ્રૂપ'ના માલિક છે અને હોટલ હિલ્ટન તથા મેરિયટ જેવી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત ચેન્સ સાથે સંકળાયેલા છે, તેમણે પોતાની માતા તારાબા અને માસી શારદાબાની સ્મૃતિમાં આ ભવ્ય શાળા ભેટ આપી છે. બુધવારે આ શાળાના લોકાર્પણનો ભવ્ય સમારોહમાં યોજાયો હતો. પીપળી ગામની એ જ ધરતી પર, જ્યાં તેમની માતા અને માસીએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું, ત્યાં જ 7,000 સ્ક્વેર ફૂટ વિસ્તારમાં આ અદ્યતન ભવન ઊભું કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દુબઈથી ડૉ. પટેલના પરમ મિત્ર અને શેખ મક્તૂમ બિન સુહૈલ અલ મક્તૂમના પ્રાઈવેટ એડવાઈઝર, મિસ્ટર ઓમર અલ મરઝૂકી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, ભાજપના જિલ્લા પ્રમુખ સંજય પટેલ અને શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઈ સોલંકીએ પણ શાળાની મુલાકાત લઈ આ કાર્યની પ્રશંસા વ્યક્ત કરી હતી. અદ્યતન સુવિધાઓથી સજ્જ માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં નિર્મિત આ શાળા સરકારને સોંપવામાં આવી છે. શાળામાં ઉપલબ્ધ સુવિધાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ્સ, CCTV સુરક્ષા વ્યવસ્થા, સુસજ્જ ઓફિસ અને શિક્ષક રૂમ,વિશાળ અને આધુનિક વર્ગખંડો બનાવામાં આવ્યા છે.ડૉ. પ્રવીણ પટેલ, જે 'ઝેન ગ્રૂપ ઓફ સ્કૂલ્સ' અને 'શ્રદ્ધા હોસ્પિટલ'માં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે, તેમના આ સેવાકાર્યથી પીપળી ગામ સહિત સમગ્ર પંથકમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ગ્રામજનોનું માનવું છે કે આ પહેલથી ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણનો મજબૂત આધાર મળશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225